# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in

# નાનો જાદુગર અને ભૂલાયેલું મંત્ર



એક નાનકડા, સુંદર અને પહાડોની ગૂંજ વચ્ચે છુપાયેલા 'આનંદપુર' ગામમાં ચીકુ નામનો એક નાનો જાદુગર રહેતો હતો. ચીકુ દેખાવમાં જેટલો માસૂમ હતો, સ્વભાવમાં એટલો જ દયાળુ અને રમુજી હતો. પણ તેની સાથે એક બહુ મોટી મુશ્કેલી જોડાયેલી હતી–તે વસ્તુઓ અને વાતો બહુ જલ્દી ભૂલી જતો!

તેની પાસે વારસામાં મળેલી એક ચમકતી જાદુઈ લાકડી અને વાદળી રંગની શંકુ આકારની મોટી જાદુઈ ટોપી હતી. ચીકુ જ્યારે પણ હવામાં લાકડી ફેરવતો, ત્યારે ક્યારેક ટોપીમાંથી રંગબેરંગી પતંગિયા ઉડતા, તો ક્યારેક હવામાંથી સ્વાદિષ્ટ ચોકલેટોનો વરસાદ થતો. ગામના બાળકો રોજ સાંજે ચીકુની આસપાસ જમા થઈ જતા અને તેના આ નાના-નાના જાદુ જોઈને ખુશ-ખુશ થઈ જતા. આખું ગામ ચીકુના કારણે હંમેશા હસતું-રમતું રહેતું. પરંતુ, એક દિવસ આનંદપુર ગામ પર એક મોટી આફત આવી પડી. ગામની બરાબર વચ્ચે એક સદીઓ જૂનું અને વિશાળ "ખુશીઓનું ઝાડ" (કલ્પવૃક્ષ) હતું. આ કોઈ સામાન્ય ઝાડ નહોતું; તેના મૂળિયા ગામના લોકોના હૃદય સાથે જોડાયેલા હતા. આ ઝાડ આખા ગામમાં સકારાત્મક ઉર્જા, પ્રેમ અને ખુશીઓ ફેલાવતું હતું. જ્યાં સુધી આ ઝાડ લીલુંછમ રહે, ત્યાં સુધી ગામમાં કોઈ ઉદાસ થઈ શકતું નહીં.

પરંતુ એક સાંજ અચાનક ભયાનક બની ગઈ. પહાડોની પાછળ આવેલી અંધારી ગુફામાંથી દુષ્ટ જાદુગર 'કાળુ' ત્યાં આવ્યો. કાળુ ખૂબ જ ઈર્ષાળુ હતો અને તેને લોકોની ખુશીઓ બિલકુલ પસંદ નહોતી. તેણે ગામની બધી જ ખુશીઓ છીનવી લેવા માટે પોતાની કાળી શક્તિઓનો ઉપયોગ કર્યો અને ખુશીઓના ઝાડ પર એક ભયાનક કાળો પડછાયો ફેંકી દીધો.

ધીમે-ધીમે ઝાડના લીલાછમ પાંદડા સુકાઈને કાળા પડવા લાગ્યા. જેમ-જેમ ઝાડ કરમાતું ગયું, તેમ-તેમ આખા ગામમાંથી હસવાનો અને કિલકિલાટનો અવાજ ગાયબ થઈ ગયો. લોકો કોઈ પણ કારણ વગર ઉદાસ અને ચિંતિત રહેવા લાગ્યા. વાતાવરણમાં માત્ર નિરાશા છવાઈ ગઈ. ગામના વડીલોએ ચીકુને બોલાવ્યો અને કહ્યું, "ચીકુ, તારા દાદાની જૂની જાદુઈ ચોપડીમાં આ કાળા જાદુને તોડવાનો એક ખાસ મંત્ર લખેલો છે. જો તું એ મંત્ર સાચા મનથી બોલીશ, તો જ આ ઝાડ બચી શકશે. નહિતર આપણું ગામ હંમેશા માટે અંધકારમાં ડૂબી જશે." ચીકુ એક ક્ષણનો પણ બગાડ કર્યા વગર દોડતો પોતાની ઝૂંપડીમાં ગયો. તેણે ઘરના એક ખૂણામાં ધૂળ ખાઈ રહેલી વર્ષો જૂની રહસ્યમય ચોપડી શોધી કાઢી. ધ્રૂજતા હાથે તેણે પાના ફેરવ્યા અને આખરે તેને એ પાનું મળી ગયું જ્યાં કાળો જાદુ તોડવાનો મંત્ર લખ્યો હતો. "ઓમ હ્રીં ક્લીં ચામુંડાય... અરે રે! આગળ શું હતું?" ચીકુ ચોપડી ખુલ્લી રાખીને જ મંત્ર ગોખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ જેવો તે રૂમની બહાર નીકળ્યો અને ઝાડ તરફ દોડ્યો, તેના નબળા મગજમાંથી મંત્રનો પાછળનો આખો ભાગ સાવ ગાયબ થઈ ગયો! તે રસ્તામાં ઊભો રહી ગયો અને માથું ખંજવાળવા લાગ્યો. જ્યારે તે ખુશીઓના ઝાડ પાસે પહોંચ્યો, ત્યારે આખું ગામ આશાભરી નજરે તેની સામે જોઈ રહ્યું હતું. ચીકુએ પોતાની લાકડી હવામાં ફેરવી અને બોલવાનો પ્રયત્ન કર્યો, પણ તેના મોઢામાંથી શબ્દો જ ન નીકળ્યા. તે મંત્ર સાવ ભૂલી ચૂક્યો હતો. ગામલોકો નિરાશ થઈ ગયા અને રડવા લાગ્યા. ચીકુને પોતાની જાત પર ખૂબ ગુસ્સો આવ્યો, પણ પછી તેણે મન શાંત કર્યું અને વિચાર્યું: "જો હું પુસ્તકનો મંત્ર ભૂલી ગયો છું તો શું થયું? જાદુ તો મનમાં હોય છે, શબ્દોમાં નહીં. હું મારો પોતાનો મંત્ર બનાવીશ, જે સીધો મારા દિલમાંથી આવતો હોય!" ચીકુ પૂરા આત્મવિશ્વાસ સાથે સુકાઈ રહેલા ઝાડની સાવ નજીક ગયો. તેણે પોતાની આંખો બંધ કરી, ગામના લોકોના હસતા ચહેરાઓને યાદ કર્યા અને પોતાની જાદુઈ લાકડીને આકાશ તરફ ફેરવીને પૂરી તાકાતથી મોટેથી ગીતની જેમ બોલ્યો: "ગીલી ગીલી છૂ, ઉદાસી તું જા દૂર,

હસતા રહે બધા, ખુશીઓ આવે ભરપૂર! જો સાથ છે આપણો, તો ડર શેનો રાખવો, પ્રેમથી આ કાળા પડછાયાને ભગાડવો!" ચીકુએ આ નવો મંત્ર એકવાર બોલ્યો, પણ કશું ન થયું. કાળુ જાદુગર હવામાં પ્રગટ થયો અને ચીકુ પર હસવા લાગ્યો, "મૂર્ખ બાળક! તારા આ રમુજી શબ્દો મારો કાળો જાદુ નહીં તોડી શકે." પરંતુ ચીકુ હિંમત ન હાર્યો. તેણે ગામના બધા બાળકો અને વડીલોનો હાથ પકડ્યો અને કહ્યું, "તમે બધા પણ મારી સાથે બોલો! આપણા બધાના દિલનો અવાજ એક થવો જોઈએ." હવે, આખું ગામ એક થઈને ચીકુના સૂર સાથે સૂર મિલાવીને મોટે-મોટેથી ગાવા લાગ્યું: "ગીલી ગીલી છૂ, ઉદાસી તું જા દૂર..." જેવો આખા ગામનો એકતા અને પ્રેમથી ભરેલો અવાજ હવામાં ગુંજ્યો, કે તરત જ ચીકુની જાદુઈ લાકડીમાંથી એક અદ્ભુત અને શક્તિશાળી સોનેરી પ્રકાશ નીકળ્યો. એ પ્રકાશ એટલો તેજસ્વી હતો કે દુષ્ટ જાદુગર કાળુની આંખો અંજાઈ ગઈ. સોનેરી પ્રકાશે ઝાડ પરના કાળા પડછાયાને ચારેય તરફથી ઘેરી લીધો અને જોતજોતામાં તેને હવામાં ઓગાળી નાખ્યો! કાળો પડછાયો દૂર થતાં જ ખુશીઓનું ઝાડ ફરીથી નવપલ્લવિત થઈ ગયું. તેના સુકાયેલા પાંદડા લીલાછમ રેશમ જેવા થઈ ગયા અને ડાળીઓ પરથી ચમકતા સોનેરી ફૂલોનો વરસાદ થવા લાગ્યો. એ ફૂલોની સુગંધ હવામાં ફેલાતા જ આખા ગામના લોકોના ચહેરા પર ફરીથી પ્યારું હાસ્ય પાછું આવી ગયું.




**ચીકુએ આ નવો મંત્ર એકવાર બોલ્યો, પણ કશું ન થયું. કાળુ જાદુગર હવામાં પ્રગટ થયો અને ચીકુ પર હસવા લાગ્યો, "મૂર્ખ બાળક! તારા આ રમુજી શબ્દો મારો કાળો જાદુ નહીં તોડી શકે"**

# દુનિયાનું એક એવું ઝેરી પક્ષી, જેને સ્પર્શ કરવા માત્રથી જ માણસનું મોત થઈ જાય!




દુનિયામાં ઝેરી જીવોની વાત કરવામાં આવે તો લોકોના મગજમાં સૌથી પહેલા સાપ, કરોળિયા કે વીંછીનું નામ આવે છે, પરંતુ શું તમે જાણો છો કે, એક એવું પક્ષી પણ અસ્તિત્વ ધરાવે છે, જેને અડવું માણસો માટે ખતરનાક સાબિત થઈ શકે છે? આ અનોખા અને અત્યંત ઝેરી પક્ષીનું નામ હુડેડ પિટોહુઈ છે. આ પક્ષી મુખ્યત્વે ન્યૂ ગિનીના જંગલોમાં જોવા મળે છે અને તેને દુનિયાનું સૌથી ઝેરી પક્ષી માનવામાં આવે છે.

આ પક્ષીની શોધ 1980ના દાયકામાં વૈજ્ઞાનિક જેક ડમ્બેચર દ્વારા કરવામાં આવી હતી. તેઓ ન્યૂ ગિનીમાં ફિલ્ડવર્ક કરી રહ્યા હતા, ત્યારે તેમણે પહેલીવાર આ પક્ષીને પકડ્યું હતું. પક્ષીને સ્પર્શ કર્યાની થોડી જ વાર પછી તેમને પોતાના હાથ, આંખો અને મોંમાં તીવ્ર બળતરા, ઝણઝણાટી અને ખાલી ચડી જવીનો અનુભવ થવા લાગ્યો હતો. શરૂઆતમાં તેમને સમજાયું નહીં કે, આવું કેમ થઈ રહ્યું છે, પરંતુ બાદમાં તપાસ દરમિયાન ખબર પડી કે, આ પક્ષીની ત્વચા અને પીંછા ઝેરી હોય છે. વર્ષ 1992માં પ્રકાશિત થયેલા એક રિસર્ચમાં ડમ્બેચર અને તેમની ટીમે ખુલાસો કર્યો હતો કે, હુડેડ પિટોહુઈના શરીરમાં 'બેટ્રાકોટોક્સિન' નામનું ખતરનાક ઝેર જોવા મળે છે. આ જ ઝેર કેટલાક અત્યંત ઝેરી દેડકાઓમાં પણ જોવા મળે છે. આ ટોક્સિન પક્ષીને શિકારીઓ અને પરજીવીઓથી બચાવવામાં મદદ કરે છે. જો કોઈ શિકારી તેને ખાવાનો પ્રયત્ન કરે, તો તેને ગંભીર નુકસાન થઈ શકે છે. સૌથી હેરાન કરનારી વાત એ છે કે, આ પક્ષી પોતે પોતાના શરીરમાં ઝેર બનાવતું નથી. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, હુડેડ પિટોહુઈ પોતાના ખોરાકમાંથી આ ઝેર મેળવે છે. તે 'મેલિરીડ બીટલ્સ' નામના ઝેરી કીડાઓને ખાય છે, જેમાં બેટ્રાકોટોક્સિન હાજર હોય છે. બાદમાં આ જ ઝેર પક્ષીની ત્વચા અને પીંછાઓમાં જમા થઈ જાય છે.



આ પક્ષીનો ચમકતો કાળો અને નારંગી રંગ પણ એક ખાસ હેતુ પૂરો કરે છે. આને 'એપોસેમેટિઝમ' કહેવામાં આવે છે, એટલે કે એવો રંગ જે અન્ય જીવોને ચેતવણી આપે છે કે આ ખતરનાક હોઈ શકે છે. આ જ કારણ છે કે, ન્યૂ ગિનીના સ્થાનિક લોકો આ પક્ષીથી અંતર જાળવી રાખે છે. ત્યાંના લોકો તેને 'રબિશ બર્ડ' એટલે કે બેકાર પક્ષી પણ કહે છે. વૈજ્ઞાનિકોનું માનવું છે કે, દુનિયામાં આવા પક્ષીઓ ખૂબ જ ઓછા છે, જે આત્મરક્ષણ માટે ઝેરનો ઉપયોગ કરે છે. આ જ કારણ છે કે, હુડેડ પિટોહુઈ આજે પણ વૈજ્ઞાનિકો અને વન્યજીવ પ્રેમીઓ માટે રહસ્ય અને આશ્ચર્યનો વિષય બનેલું છે.

## હેપ્પી બર્થડે



નામ : દક્ષિતા ભીસે
માતા : પૂજા ભીસે



નામ : વેદિકા પટેલ
માતા : પિંકી પટેલ

## રસ્તો શોધો



## તફાવત શોધો





## ટપકાં જોડો



## PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

### SIGN GAME

Q 1

ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | | 2 | | 3 | | 4 | = | 4 |
| 2) | 1 | | 2 | | 3 | | 4 | = | 20 |
| 3) | 1 | | 2 | | 3 | | 4 | = | 5 |

### CHANGE THE WORD

Q 2

આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| L | A | D |
| | | |
| | | |
| C | U | P |

### CHHOTA SUDOKU

Q 3

આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| | 2 | |
| 9 | | |

(વર્તુળો: 14, 14, 22, 18)

### BROKEN WORDS

Q 4

નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને કેમેરાને સંબંધિત 7 જુદા જુદા શબ્દોના નામ બનાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| RA | FL | RG | ME | FI | LA |
| FI | TS | ST | CUS | NT | ERS |
| EN | CA | EN | LT | FO | |
| RA | ASH | EM | CO | LM | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 4 અક્ષર | 1 |
| 5 અક્ષર | 2 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 1 |
| 12 અક્ષર | 1 |

જવાબ
1. FILM
2. FLASH
3. FOCUS
4. CAMERA
5. FILTERS
6. CONTRAST
7. ENLARGEMENTS

### જવાબો

Q 1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 1 | + | 2 | - | 3 | + | 4 | = | 4 |
| 2) | 1 | × | 2 | + | 3 | × | 4 | = | 20 |
| 3) | 1 | + | 2 | × | 3 | - | 4 | = | 5 |

Q 2

| | | |
|---|---|---|
| L | A | D |
| L | A | P |
| C | A | P |
| C | U | P |

Q 3

| | | |
|---|---|---|
| 4 | 5 | 6 |
| 3 | 2 | 1 |
| 9 | 8 | 7 |

(વર્તુળો: 14, 14, 22, 18)

## શબ્દો શોધો

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| c | r | a | b | z | f | d | s |
| m | e | f | a | i | i | v | s |
| s | t | i | l | n | s | m | u |
| w | r | d | l | b | h | r | n |
| c | e | h | a | u | a | o | c |
| a | e | n | s | h | e | l | l |

ball
sun
crab
tree
shell
fish